# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૭૬ તા. ૦૯/૧૦/૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૯/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી બેલીમ ઈસ્માઈલભાઈ આમદભાઈ ગામ – જામનગર

સબડીવીઝન: દરબાર ગઢ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૧

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જામનગર

તારીખ: શુક્રવાર (૧૮.૦૯.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૦૯.૨૦ (શુક્રવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદાર શ્રી બેલીમ ઈસ્માઈલભાઈ આમદભાઈ ના નામે સિંગલ ફેઝ ઘર વપરાશ હેતુ માટે નું વીજ જોડાણ ગ્રાહક નંબર ૩૨૩૦૯/૧૦૮૦૭/૩ થી ધરાવું છું તારીખ ૦૪.૦૧.૨૦૨૦ ના રોજ મને અચાનક ૨૯૯૯ યુનિટનું એકી સાથે રૂપિયા ૨૧૧૫૪/- નું બિલ આવેલ જે મારા સરેરાશ વપરાશ ૨૯૦ યુનિટ થી દસ ગણું વધારે છે જે અનુસંધાને દરબારગઢ પેટા વિભાગિય કચેરી માં ફરિયાદ કરતાં તારીખ ૨૪.૦૧.૨૦૨૦ ના મીટર બદલાવી આપેલ જેનું લેબ

પરીક્ષણ તારીખ ૨૯.૦૧.૨૦૨૦ ના કરવામાં આવતા રીડિંગ ૧૭૨૧૩ જોવા મળેલ. જેથી સદર મીટરનો લેબ એમઆરઆઇ માગંતા મને તે આપવામાં આવેલ નહીં આમ અનેક રજૂઆત કરવા છતાં મને આ વીજબિલમાં કોઈ રકમ જમા આપવામાં આવેલ નથી અમો ખૂબ સાધારણ સ્થિતિમાં જીવનનિર્વાહ ચલાવીએ છીએ તેમજ અમારો વીજ વપરાશ પણ ખૂબ ઓછો છે આવા covid-19 સ્થિતિમાં આવું ખોટી રીતે આપવામાં આવેલ વીજબિલ ભરવા અમો અસમર્થ છીએ તેથી અમોને ન્યાય આપી એવરેજ બિલ આપી બાકીનું વીજબિલ માફ કરવા અમારી નમ્ર અરજ છે- અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 તારીખ ૦૪.૦૧.૨૦૨૦ ના નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૯ ના આ બિલિંગ સમયે ૧૪૬૨૩ થી ૧૭૨૨૨ રીડિંગ નું વપરાશ મુજબ નું ગ્રાહક શ્રી ને ૨૫૯૯ યુનિટનું બિલ આપવામાં આવેલ છે

૩.૧ દરબારગઢ પેટા વિભાગ કચેરી દ્વારા તારીખ ૨૪.૦૧.૨૦૨૦ ના રોજ પ્રફોર્મા-૧૫ નંબર ૭૫૬૪૮ થી વિવાદિત મીટર બદલવા માં આવેલ જેમાં ગ્રાહક/પ્રતિનિધિ સહી પણ છે

૩.૨ તારીખ ૨૯.૦૧.૨૦૨૦ ના રોજ ગ્રાહક/પ્રતિનિધિની હાજરીમાં મીટરનું લેબ રોજકામ શીટ નંબર ૯૭૫૮૯ થી કરવામાં આવેલ અને કોઈપણ જાતના વાંધા વગર સહી કરેલ છે, જેનો રિપોર્ટ (૧) એમએમબી/ ટીસી સીલ બરાબર.(૨) બોડી સીલનું સીલીંગ લેબ મુજબ યોગ્ય છે.(૩) મીટર ની આંતરિક રચના/સીસી/પીસી યોગ્ય છે.(૪) મીટર ના ટોપ કવર/કાચ/ટર્મિનલ બ્લોક બરાબર છે. એ મુજબ લેબ રિપોર્ટ આવેલ, કોઈ જાતની એબ્નોર્માલિટી આવેલ નહીં.

૩.૪ માંહે માર્ચ એપ્રિલ ૨૦૨૦ નું બિલિંગ કોવિડ-૧૯ ના કારણે ૧૩૧-૧૩૧=૧૦૦૦ “એન” સ્થિતિમાં થયેલ અને માહે મે-જુન ૨૦૨૦ નું બિલિંગ તારીખ ૨૦/૦૭/૨૦૨૦ ના ૭૮૪-૧૩૧=૬૫૩ યુનિટનું થયેલ જે કુલ દિવસો ૧૩૬ નું થયેલ જે રોજના ૪.૮૦ યુનિટ મુજબ વપરાશ થયેલ છે

૩.૫ તારીખ ૧૫/૦૯/૨૦૨૦ના સ્થળ તપાસ કરતા ગ્રાહક ના નવા મીટર નંબર ૦૪૬૧૯૦૨૯ ને તારીખ ૨૪/૦૧/૨૦૨૦ ના રોજ “૦” યુનિટ થી મુકેલ જેના હાલના ૧૦૩૯ યુનિટ પહોંચેલ છે. આમ, કુલ ૨૩૪ દિવસનો ૧૦૩૯ યુનિટનો વપરાશ થયેલ છે જે રોજના ૪.૪૪ યુનિટ થાય છે

૩.૬ ગ્રાહકશ્રી દ્વારા વધુ રકમના વીજ બિલ અંગેની અરજી પેટા વિભાગીય કચેરીમાં કરેલ નથી.તારીખ ૧૮/૦૮/૨૦૨૦ના રોજ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ અરજી કરેલ છે

૩.૭ આમ સદર વિવાદિત મીટરનો લેબ રિપોર્ટ તપાસતા મીટર ઓકે આવેલ હોય કોઈ રકમ બાદ આપવાની થતી નથી.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા સદર કેશ માં ફક્ત મીટર બદલવા માટે અરજી કરેલ છે,જેમાં કંપની ના નિયમ મુજબ કોઈ ચાર્જ ભરવામાં આવેલ નથી.

૪.૨ અરજદારશ્રી ની રજૂઆત પ્રમાણે મીટર બદલી આપવામાં આવેલ હોય તો પી.જી.વી.સી.એલ. ના નિયમ મુજબ સદર મીટર લેબ ચકાસણી કરી તેનો રિપોર્ટ માં કોઈપણ જાત ની ક્ષતિ જણાતી નથી.

૪.3 જેથી, સદર બાબતે મીટર માં ચડત રહેલ યુનિટ એકી સાથે બિલ માં ગ્રાહક ને આપવામાં આવેલ છે. જે યોગ્ય જણાય છે. અને આપવામાં આવેલ વીજ બિલ ના બાકી નાણાં ભરપાઈ કરી આપવા અરજદારશ્રી ને અત્રે થી ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે. અને આથી પીજીવીસીએલ કંપની ને અરજદારશ્રી પાસેથી નાણાં વસુલ કરવા હુકમ આપવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯